(1) સંયુક્ત રાષ્ટ્રોના ઈ-વેસ્ટ પરના રિપોર્ટ મુજબ નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જથ્થાની દષ્ટિએ સૌથી વધુ ઈ–વેસ્ટ ઉત્પન્ન કરનાર ખંડ એશિયા છે.
(2) વર્ષ 2019ના કુલ ઈ–વેસ્ટ પૈકી માત્ર 36%નું રિસાયકલીંગ થયું છે.
(3) વર્ષ 2019માં કુલ 53.6 મિલિયન ટન ઈ–વેસ્ટ ઉત્પન્ન થયેલો છે.
(4) ભારતની પાસે પોતાની ઈ–વેસ્ટ પોલિસિ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ સંયુકત રાષ્ટ્રની યુનિવર્સિટી (UNU) દ્વારા વૈશ્વિક ઈ–વેસ્ટ પરનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટ મુજબ 2020 અને 2030ની વચ્ચેના દશકમાં ઈ–વેસ્ટમાં 38%નો વધારો થશે.

⇛ વર્ષ 2019માં કુલ 53.6 મિલિયન ટન ઈ–વેસ્ટનું સર્જન થયું છે. આ આંકડો 5 વર્ષમાં 21%નો વધારો સૂચવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ જથ્થા મુજબ સૌથી વધુ ઈ–વેસ્ટ ઉત્પન્ન કરનાર ખંડમાં એશિયા પ્રથમ છે. ત્યારબાદ ક્રમશઃ અમેરિકા (બન્ને), યુરોપ, આફ્રિકા અને ઓશનિયાનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2019માં ઉત્પન્ન થયેલાં કુલ ઈ–વેસ્ટ પૈકી 18%થી પણ ઓછા ઈ–વેસ્ટને એકત્ર કરીને તેનું રિસાયકલીંગ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ જે દેશોએ પોતાની રાષ્ટ્રીય ઈ–વેસ્ટ પોલિસિ અપનાવેલી છે તેવા દેશોની સંખ્યા 61માંથી વધીને 78 થઈ છે. ભારતની પણ પોતાની ઈ–વેસ્ટ માટેની નીતિ છે.(આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) કાઝિરંગા રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે આસામમાં આવેલું છે.

(2) તે યુનેસ્કોનું વિશ્વ ધરોહર સ્થળ છે.

(3) તે બર્ડલાઈફ ઈન્ટરનેશનલ દ્વારા જાહેર કરવામાં આવેલ મહત્ત્વનો પક્ષી વિસ્તાર પણ છે.

(4) આ ઉદ્યાન 'બિગ ફોર' પ્રાણીના સંરક્ષણ માટે જાણીતું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કાઝિરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં વર્તમાન સમયે પૂરની સ્થિતિ છે. અહીંના 80% ભાગમાં પાણી ફરી વળેલું છે.

⇛ આ રાષ્ટ્રીય ઉદ્યાન આસામમાં આવેલું છે. તેને 1974માં રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2007માં તેને ટાઈગર રિઝર્વ પણ જાહેર કરવામાં આવેલું છે.

⇛ વર્ષ 1985માં તેને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળની યાદીમાં સ્થાન મળેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ બર્ડલાઈફ ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા તેને 'મહત્ત્વના પક્ષી વિસ્તાર' તરીકે પણ ઓળખવામાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે વિશ્વના મોટા ભાગના એક–શિંગી ગેંડાનું નિવાસ સ્થાન છે.

⇛ આ ઉદ્યાનમાં 'બિગ ફોર' પ્રાણીના સંરક્ષણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલું છે. આ ચાર પ્રાણીઓમાં ગેંડા, હાથી, રોયાલ બેંગાલ ટાઈગર અને એશિયાઈ પાણીની ભેંસનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) PCA (Permanent Court of Arbitration) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે સંયુકત રાષ્ટ્ર હેઠળની એક સભ્ય સંસ્થા છે.
(2) તે ખાનગી પક્ષના કેસ પણ હાથમાં લઈ શકે છે.
(3) તેનું વડુંમથક નેધરલેન્ડમાં આવેલું છે.
(4) તેના નિર્ણયો સભ્ય/પક્ષ માટે બાધ્ય હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ PCAની સ્થાપના 1899માં કરવામાં આવી હતી. તેનું વડુંમથક નેધરલેન્ડના ધ હેગ (the Hauge) શહેરમાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંસ્થા સંયુકત રાષ્ટ્રની કોઈ સંસ્થા નથી. તે માત્ર સંયુકત રાષ્ટ્રની ઓબ્ઝર્વર છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે દલીલોનું સમાધાન કરવાની સેવા આપે છે. તેના નિર્ણયોને 'એવોર્ડ્સ' કહે છે અને તે સભ્ય/પક્ષ માટે બાધ્ય હોય છે. આ નિર્ણયોનું અમલીકરણ પણ સમયસર કરવું પડે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે સભ્ય દેશો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કે ખાનગી પક્ષ વચ્ચેના વિવાદોનું સમાધાન કરવા પોતાની સેવા આપે છે. આ વિવાદોનો સંબંધ આંતરરાષ્ટ્રીય કરાર સાથે હોવો જરૂરી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે જમીન કે દરિયાઈ સરહદના વિવાદ, સર્વોપરીતા, માનવ અધિકાર, આંતરરાષ્ટ્રીય રોકાણ અને વેપારને સંલગ્ન બાબતોના કેસ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) રાજ્યમાં 'કાઉન્સિલ ઓફ મિનિસ્ટર' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) અનુચ્છેદ 164(1A) મુજબ, કુલ મંત્રીઓની સંખ્યા તે રાજ્યના કુલ MLAની સંખ્યાના 15%થી વધુ હોવી જોઈએ નહીં.

(2) ઉપરોક્ત જોગવાઈ 74માં બંધારણીય સુધારા દ્વારા દાખલ કરવામાં આવી હતી.

(3) અનુચ્છેદ 164(2) મુજબ, મંત્રી પરિષદ સામૂહિક રીતે રાજ્ય વિધાનસભાને જવાબદાર છે.

(4) મંત્રી પરિષદના વડા તરીકે મુખ્યમંત્રી હોવો જોઈએ તેની જોગવાઈ અનુચ્છેદ 160માં કરવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ મધ્યપ્રદેશની મંત્રી પરિષદ (કાઉન્સિલ ઓફ મિનિસ્ટર)માં મંત્રીઓની સંખ્યા બંધારણની મર્યાદા કરતાં વધુ થઈ છે તેવા આરોપ મુકવામાં આવ્યા છે.

⇛ બંધારણના અનુચ્છદ 164(1A) મુજબ, મુખ્યમંત્રી સહિત કુલ મંત્રીઓની સંખ્યા કુલ MLAની સંખ્યાના 15%થી વધુ હોવી જોઈએ નહીં. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સાથે એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યમાં મંત્રીઓની સંખ્યા 12 કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

⇛ વર્ષ 2003ના 91માં બંધારણીય સુધારા દ્વારા 15%ની મર્યાદા બંધારણમાં દાખલ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ અનુચ્છેદ 163(1) મુજબ, રાજ્યપાલના સલાહ–સૂચન માટે મુખ્યમંત્રીના વડા તરીકેની મંત્રીપરિષદ હોવી જોઈએ. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ મંત્રી પરિષદ અનુચ્છેદ 164(2) મુજબ રાજ્યની વિધાનસભાને સંયુકત/સામૂહિક રીતે જવાબદાર હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) વર્ષ 2021ના સ્વચ્છ સર્વેક્ષણમાં 6 માપદંડો ધ્યાનમાં લેવામાં આવશે. નીચે આપેલા પૈકી કયા-કયા માપદંડોનો સમાવેશ આ સર્વેક્ષણમાં કરવામાં આવ્યો છે ?**

(1) કચરાનું અલગીકરણ

(2) ભીના કચરા માટેની પ્રોસેસીંગ કેપેસિટી

(3) વસતી અને વિસ્તાર

(4) લોકોના રિવ્યુ તથા ફરિયાદો

(A) માત્ર (1) અને (2)    (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)    (D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ સ્વચ્છ સર્વેક્ષણ 2020માં શહેરોનું મૂલ્યાંકન 'વસતીની કેટેગરી' મુજબ કરવામાં આવ્યું હતું.

⇒ વર્ષ 2021 માટે તેમનું વર્ગીકરણ 6 માપદંડો અને તેના પ્રદર્શન મુજબ કરવામાં આવશે.

⇒ આ 6 માપદંડો નીચે મુજબના છે :

- કચરાનું અલગીકરણ ; ભીના, સૂકા અને ખતરાના વર્ગીકરણ મુજબ
- ઉત્પન્ન થયેલા ભીના કચરા માટેની પ્રોસેસીંગ કેપેસિટી
- ભીના તથા સૂકા કચરાનું પ્રોસેસીંગ અને રિસાયકલીંગ
- બાંધકામ અને ભાંગકામ (C&D) કચરાનું પ્રોસેસીંગ
- લેન્ડફિલ (Landfill)માં જતાં કચરાની ટકાવારી
- શહેરનું સેનિટેશન સ્તર

(આથી, માત્ર (1) અને (2) જ સાચાં છે.)

⇒ સ્વચ્છ સર્વેક્ષણ એ સ્વચ્છ ભારત મિશનનો ભાગ છે.

⇒ શહેરોમાં સ્વચ્છ સર્વેક્ષણ આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

⇒ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છ સર્વેક્ષણ જલ શકિત મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT